માન. અધ્યક્ષશ્રી,
માનનીય મંત્રીશ્રી દ્વારા રાજ્યના પશુપાલન અને ડેરી ક્ષેત્રના સાર્વત્રિક વિકાસ માટે રજૂ કરેલ માંગણી નંબર - ૪ ને અનુમોદન આપવા હું **મારા વિચારો રજુ કરું છું.**

માન. અધ્યક્ષશ્રી,
રાજ્યના પશુપાલકો પોતાના પશુધન દ્વારા યોગ્ય દૂધ ઉત્પાદન મેળવી આર્થિક રીતે વધુ ઉન્નતિ પ્રાપ્ત કરે તે માટે ઉત્તમ પશુ આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરાવવાના મક્કમ ઈરાદા સાથે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇના વડપણ હેઠળની ડબલ એન્જીનની સરકારે અનેકવિધ કાર્યક્રમો અમલમાં મુકેલ છે. સાથે ચેપી રોગચાળા નિયંત્રણ ક્ષેત્રે કરવામાં આવેલા અથાગ પ્રયત્નો બદલ **રાજ્ય સરકારને આપના માધ્યમથી ખુબ ખુબ અભિનંદન પાઠવું છું.**

માન. અધ્યક્ષશ્રી,
આપણો દેશ વિશ્વમાં સૌથી મોટું સહકારી માળખું ધરાવતો દેશ છે. આટલા વિશાળ માળખાનો ઉપયોગ લોકોની સુખાકારી વધારવા માટે થાય એ હેતુથી આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી અને દેશના ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબે 'સહકાર સે સમૃદ્ધિ' ના સૂત્ર સાથે છેલ્લા **10 વર્ષમાં સહકારી ક્ષેત્રે ધરખમ હકારાત્મક પરિણામો લાવ્યા છે.** આપણા ગુજરાતના દૂધસંઘો આજે સમગ્ર દેશમાં મોટા મોટા પ્લાન્ટ્સ નાખી રહ્યા છે અને પશુપાલકોનું દૂધ સારા ભાવથી ખરીદી, સમગ્ર દેશમાં દૂધ અને દૂધની પેદાશો સપ્લાય કરી રહ્યા છે.

માન. અધ્યક્ષશ્રી,
હું ખેડુત પારિવારમાં જન્મેલો છું અને આજે દૂધસાગર ડેરીના માધ્યમથી પશુપાલકો સાથે ઘનિષ્ઠતાપૂર્વક સંકળાયેલ હોવાથી પશુઓમાં થતા ચેપી રોગોની ગંભીરતા ખુબ સારી રીતે સમજુ છું. રાજ્ય સરકાર દ્વારા ગામે ગામ પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં નિષ્ણાત પશુચિકિત્સકોની ટીમ દ્વારા પશુપાલકોના ઘરઆંગણે પશુઓને નિઃશુલ્ક પશુસારવાર પુરી આપવામાં આવી રહી છે. અને મને આનંદની લાગણી થાય છે કે છેલ્લા બે વર્ષમાં મારા મહેસાણા જિલ્લામાં કુલ ૩૮૬ પશુઆરોગ્ય મેળા ના આયોજન થાકી કુલ ૭૫,૯૨૨ પશુઓને વિવિધ રોગોની સારવાર વિનામૂલ્યે આપવામાં આવી છે. અને એટલે વર્ષ ૨૦૨૪-૨૫ માં આવા ૪૫00 જેટલા પશુ આરોગ્ય મેળાના આયોજન માટે સરકારશ્રી દ્વારા સૂચવવામાં આવેલ કુલ **રૂ. ૨ કરોડ ૨૬ લાખની જોગવાઈની દરખાસ્તને હું આવકાર અને સમર્થન આપું છું.**

માન. અધ્યક્ષશ્રી,
રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫થી સમગ્ર રાજ્યમાં અમલમાં મુકવામાં આવેલ "મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુસારવાર યોજના" હેઠળ લાખો પશુઓને વિનામુલ્યે સારવાર આપવામાં આવી રહી છે, ત્યારે વર્ષ ૨૦૨૪-૨૫ માટે મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજનાની સુચવેલ **રૂ. ૪૩ કરોડની જોગવાઈને હું મારું સમર્થન આપું છું.**

માન. અધ્યક્ષશ્રી,

રાજ્ય સરકાર દ્વારા "દસ ગામ દીઠ એક ફરતાં પશુ દવાખાના" ની યોજના હેઠળ કુલ ૪૬૦ ફરતાં પશુ દવાખાના શરુ કરવામાં આવેલ છે. જે સમગ્ર રાજ્યમાં લગભગ ૫૩૦૦ થી વધુ ગામોમાં ઘરઆંગણે વિનામુલ્યે પશુ સારવાર મળી રહી છે. ત્યારે વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં ૪૬૦ ફરતાં પશુ દવાખાના માટે સુચવેલ **રૂ. ૬૧ કરોડની દરખાસ્તને હું મારું અનુમોદન આપું છું**

માન. અધ્યક્ષશ્રી,

આકસ્મિક પશુ સારવાર તેમજ માલિક વિહોણા પશુઓની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારમાં કુલ ૩૭ "કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨" ની સુવિધા પણ રાજ્યમાં ઉભી કરવામાં આવી છે. આ એમ્બ્યુલન્સની સેવાઓ ચાલુ રાખવા માટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સુચવેલ કુલ **રૂ. ૯ કરોડની જોગવાઈને પણ મારૂ સમર્થન છે.**

માન. અધ્યક્ષશ્રી,

રાજ્યમાં વધુ ૬૫ નવા સ્થાયી પશુ દવાખાના શરૂ કરવા તેમજ ૫૦ ફરતાં પશુ દવાખાના શરૂ કરવા માટે પણ વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં આયોજન કર્યું છે. તે માટે રાજ્ય સરકારને હું આપના માધ્યમથી ખુબ ખુબ અભિનંદન પાઠવું છું અને તેના માટે સુચવેલ **કુલ રૂ.૧૦ કરોડ ૬૩ લાખની જોગવાઈને હું આવકારું છું.**

માન. અધ્યક્ષશ્રી
રાજ્યના પોણા ત્રણ કરોડ પશુધનને આરોગ્ય સુરક્ષા કવચ પુરૂં પાડી, **"દરેક જીવ ને અભયદાન"** ના મંત્રને સાકાર કરવાના રાજ્ય સરકારના પ્રયાસોમાં કેન્દ્ર સરકાર દ્વારા પણ છેલ્લા દસ વર્ષથી અનેક યોજનાઓ હેઠળ સહાય મળી રહી છે. પશુઓને ખરવા-મોવાસા, બૃસેલ્લોસીસ અને PPR જેવા રોગો સામે સુરક્ષિત કરવા માટે યોજાતા રસીકરણ કાર્યક્રમનો **કેન્દ્ર સરકાર 100% ખર્ચ પૂરો પાડે છે.**

માન. અધ્યક્ષશ્રી
આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વ હેઠળ, ભારત સરકારના પશુપાલન અને ડેરી વિભાગે સમગ્ર દેશમાં "મોબાઈલ વેટરનરી યુનિટ" શરૂ કરવાની યોજના શરૂ કરી છે. જેમાં પ્રથમ તબક્કામાં આપણા ગુજરાત રાજ્ય માટે 127 મોબાઈલ વેટરનરી યુનિટ મંજૂર કરવામાં આવ્યા છે,જે માટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સુચવેલ **રૂ. ૧૭ કરોડની જોગવાઈ**થી રાજ્યમાં ખુબ મોટી સંખ્યામાં પશુપાલકોને લાભ થવાનો હોઈ, **હું આ જોગવાઈને સમર્થન આપું છું.**

માન. અધ્યક્ષશ્રી,
રાજ્યના પશુપાલકોને આર્થિક ઉન્નતિના નવીન સોપાન સર કરવામાં સહાયરૂપ એવી રાજ્યની પશુ ચિકિત્સા સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે **માનનીય મંત્રીશ્રી દ્વારા સુચવેલ તમામ જોગવાઈને મારું સમર્થન આપુ છું.**

**--- ધન્યવાદ ---**